| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**—:: વેચાણ દસ્તાવેજ ::—**

**(અવેજ રૂા. ............../— પુરાનો.)**

**આજરોજ તારીખ : મી, માહે : માર્ચ, સને : ૨૦૨૨ ના અંગ્રેજી દિને......**

**આ વેચાણ દસ્તાવેજ લખાવી લેનાર યાને તમો પહેલા પક્ષના : ખરીદનાર :**

**શ્રી ....................................,**

ઉ.વ.આ. : , ધંધો : , જાતના : હિન્દુ,

રહે.:

PAN :

**આધાર કાર્ડ નંબર :**

(જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "તમો પહેલા પક્ષના", 'લખાવી લેનાર", "વેચાણ લેનાર", "ખરીદનાર", તરીકે સંબોધવામાં આવશે, જેઓના સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા "વેચાણ લેનાર" પોતે તથા તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરીઓ, પ્રતિનીધીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, સકસેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે.)

**જોગ લી.**

**આ વેચાણ દસ્તાવેજ લખી આપનાર યાને હમો બીજા પક્ષના : વેચનાર :**

**પ્રગતિ ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી તેના વતી અને તરફે અધિકૃત ભાગીદાર......**

**ઠેકાણું** : બ્લોક નં. ૮૦, ટી.પી.સ્કીમ નં. ૨૪, એફ.પી.નં. ૮૯, ઉત્રાણ, સુરત.

**PAN NO : ABBFP1745R**

**સાગર હિંમતભાઈ કોરાટ,**

ઉ.વ.આ. : ૩૦, જાતના : હિન્દુ, ધંધો : વેપાર,

રહે. : ૨૩૪, હંસ સોસાયટી, ક્રિષ્ના ટાઉનશીપ ની સામે, મોટાવરાછા, સુરત.

**આધાર કાર્ડ નંબર :**

(( જેઓને હવે પછીથી આ વેચાણ દસ્તાવેજમાં "હમો બીજા પક્ષના", "લખી આપનાર", "વેચાણ આપનાર" તરીકે સંબોધવામાં આવશે, જેઓના

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

સંપુર્ણ અર્થમાં અન્યથા વિરોધાભાસ ન હોય ત્યા “વેચાણ આપનાર” પોતે તથા ભાગીદારી પેઢીના હાલના તેમજ વખતો વખતના ભાગીદારો તેમજ તેમના વંશ, વાલી, વારસો, ટ્રાન્સફરીઓ, પ્રતિનીધીઓ, એસાઈનીઓ, એકઝીકયુટર્સ, સકસેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થઈ જાય છે. ))

જત હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાને આજરોજ આ વેચાણ દસ્તાવેજથી લખી આપી જણાવીએ છીએ કે,

આપણે બંને પક્ષકારો વચ્ચે તા.............. ના રોજથી એલોટમેન્ટ લેટર, તથા તા.......... ના રોજ કબજા વગરના સાટાખતનો કરાર થયેલ છે, જેની તમામ શરતોનું આપણે બંને પક્ષકારો દ્રારા ચુસ્તપણે પાલન કરવામાં આવેલ છે અને તમામ શરતો બંને પક્ષકારો દ્રારા પુર્ણ કરવામાં આવેલ છે જેથી સદર કરારના ભાગરૂપે આજરોજ આ વેચાણ દસ્તાવેજ આપણે બંને પક્ષકારોએ નોંધવાનું નકકી કરેલ છે. ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા– ઉત્રાણ)** માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત **" પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક "** ના **મંજુર પ્લાન મુજબ ...........માળ** ઉપર આવેલ **દુકાન/ઓફીસ નંબર ..........** વાળી દુકાન/ઓફીસની મિલકત, (જેને હવે પછીથી આ દસ્તાવેજમાં સરળતા ખાતર “ **સદરહું મિલકત**” એ રીતે સંબોધવામાં આવેલ છે.) જેનુ વિગતે વર્ણન આ નીચે શીડયુલમાં આપવામાં આવેલ છે. સદરહું મિલકત અમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટા, વહીવટ, વ્યવસ્થા, હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા–કરાવવાનો હકક અને અધિકાર છે, તે હકક અને અધિકારની રૂએ સદરહું મિલકત તમો પહેલા પક્ષનાને હમો બીજા પક્ષનાએ વેચાણ આપેલ છે અને તમો પહેલા પક્ષનાએ ખરીદ કરેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

મજકુર જમીન/મિલકતના ટાઈટલ્સ તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ છે. તેનો ઈતિહાસ એવો છે કે,....

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ ના **મોજે ગામ – ઉત્રાણ સર્વે નંબર : ૯૭/૧** વાળી જમીનના મુળ માલીક રામસિંગ કાનબાજી નાં નામે ચાલી આવેલ, જેઓ તારીખ : ૧૬/૦૯/૧૯૬૯ નાં રોજ ગુજરી જવાથી તેમનાં વારસદારનાં જવાબ, પંચકયાસ, તથા પેઢીનામાનાં આધારે સદર જમીન હમીરસિંહ રામસિંહનાં નામે વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ, જે અંગેની નોંધ ગામ દફતરે ગામના નમુના નં. ૬, હકક પત્રકમાં એન્ટ્રી નંબર : ૬૫૯, થી તા. ૦૨/૧૨/૧૯૬૯ નાં રોજ નોંધાયેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ એકત્રીકરણ યોજના અમલમાં આવતા મજકુર મોજે ઉત્રાણ ના રેવન્યું સરવે નંબર ૯૭/૧ થી નોંધવામાં આવેલ જમીન ને બ્લોક નંબર : ૮૦ ફાળવવામાં આવેલ હતો. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૮૯૬ તારીખ : ૧૬/૦૭/૧૯૮૨ નારોજ થી થયેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન હમીરસિંહ રામસિંહ ના નામે ચાલે છે. તેઓ તા. ૦૯/૦૩/૧૯૮૫ નારોજ ગુજરી જવાથી તેમના સીધીલીટીના વારસદારો તરીકે (૧) કમુબેન તે હમીરસિંહ રામસિંહ ની વિધવા (૨) ગુલાબસિંહ હમીરસિંહ (૩) જશવંતસિંહ હમીરસિંહ (૪) મહેન્દ્રસિંહ હમીરસિંહ ના નામો દાખલ કરવામાં આવેલ. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૯૫૯ તારીખ : ૦૬/૦૪/૧૯૮૫ નારોજ કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીન (૧) કમુબેન તે હમીરસિંહ રામસિંહ ની વિધવા (૨) ગુલાબસિંહ હમીરસિંહ (૩) જશવંતસિંહ હમીરસિંહ (૪) મહેન્દ્રસિંહ હમીરસિંહ વિગેરે ના નામે ચાલી આવેલ છે. તે પૈકી કમુબેન તે હમીરસિંહ રામસિંહ ની વિધવા એ તેમના દીકરા ઓ તરફે તેમનો હકક જતો કરતા તેમનું નામ કમી કરવા નોંધ કરી. જે હકક કમી અંગેની નોંધ રેવન્યુ દફતરે નોંધ નંબર : ૧૨૧૪ તારીખ : ૦૨/૦૯/૧૯૯૨ ના રોજ કરવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૦૫/૦૧/૧૯૯૩ ના રોજ પ્રમાણિત થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

ત્યારબાદ મજકુર ઉત્રાણ ગામનો પ્રાદેશીક ફેરફાર મુજબ ગામ નિકાલની નોંધ મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે) બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ મા જણાવ્યા મુજબ સરકારી શ્રી ના શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. કેવી/૨૬/૦૬ /એસએમએન/૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ : ૧૪/૦૨/૨૦૦૬ તથા જાહેરનામા નં. કેવી/૨૧૨/૦૬ /એસએમએન/ ૯૦૨૦૦૬/૪૧૦/પી તારીખ : ૨૦/૦૭/૨૦૦૬ થી આઠ નગર પાલીકા તથા ૨૭ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. સુરત સીટી માં સમાવેશ કરવામાં આવેલ છે. અને આમ સુરત મહાનગર પાલિકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાના ઉત્રાણ ગામના કુલ બ્લોક નંબર : ૧૧૦૭ છે. જેમા શરૂ થતો પ્રાદેશીક ફેરફાર કરવાની સુચના મળતા ઉત્રાણ ગામના બ્લોક નં. ૧ થી ૨૫૫ છે. ખાતા નંબર : ૧ થી ૧૦૮૨ છે. કુલ ખાતા ૧૦૬૮ અત્રેની ઓનલાઈન કોમ્પ્યુટરરાઈઝડ નોંધ નંબર : ૧૮૪૩ થી ૨૦૫૧ એમ કુલ ૨૦૯ નોંધો પૈકી ૧૫૧ નોંધ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા નિકાલ કરવામાં આવેલ છે. તથા ૫૮ નોંધો તેના સ્ટેટસ (કાચી,પડતર, તકરારી—૧) પ્રમાણે જે તે સ્ટેજ પર નિકાલ કરવામા આવેલ છે. જેની નોંધ દફતરે એન્ટ્રી નંબર : ૨૦૫૧ થી તારીખ : ૨૬/૧૨/૨૦૦૬ ના રોજ કરવામાં આવેલ હતી. જે એન્ટ્રીઓ તારીખ : ૨૭/૧૨/૨૦૦૬ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું ગામ ડીંડોલી ને પ્રાંદેશીક ફેરફાર થતા તે અંગે મહે. કલેકટર સાહેબ સુરતના પત્ર નં. (જે)બખ/તપસ/વશી/૪૮૯૭/૦૬ તા ૧૯/૧૦/૨૦૦૬ ના જણાવ્યા મુજબ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગના જાહેરનામા નં. કે. વી. /૨૧૨/૨૦૦૬/એસ.એમ. એન/૯૦૨૦૦૬/ ૪૧૦/પી તા. ૨૦/૭/૨૦૦૬ થી સતાવીશ ગામોનો સમાવેશ સુરત શહેરમાં કરવામાં આવેલ છે. તે પણ સુરત મહાનગર પાલિકાની હદનું વિસ્તરણ થવાથી ચોર્યાસી તાલુકાનું ઉત્રાણ ગામની સુરત સીટી તાલુકામાં સમાવેશ કરવામાં આવેલ છે. જે અંગેની રેવન્યું રેકર્ડ માં ગામના નમુના નંબર ૬ (હકક પત્રક) માં નોંધ નં.૨૦૫૨ તા. ૨૨/૧૨/૨૦૦૬ નારોજ કરવામાં આવેલ છે. જે નોંધ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીનનાં માલીક કમુબેન તે હમીરસિંહ રામસિંહની વિધવા વિગેરેનાં સંયુકત નામે ચાલી આવેલ હતી તેઓએ સદરહું જમીન

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

બાબુભાઈ ઝવેરભાઈ વાઘાણી (એચ.યુ.એફ) ને વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મે. કતારગામના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૮૨૧૦ થી તારીખ : ૨૯/૦૬/૨૦૦૭ નારોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામના નમુના નંબર : ૬ હકકપત્રકમાં નોંધ નંબર : ૨૦૯૭ તારીખ : ૧૯/૦૭/૨૦૦૭ નારોજ કરવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૦૧/૧૧/૨૦૦૭ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન અંગે મે. સયુકત સચિવશ્રી મહેસુલ વિભાગ ગુજરાત સરકારના ઠરાવ ક્રમાંક આર.એ.એમ. /૧૦૨૦૦૬/૨૦૬૩/લ–૧ તારીખ : ૧૨/૦૬/૨૦૦૬ થી આપેલ સુચના અનુસાર મે. કલેકટર સાહેબ સુરતની યાદી નં. જમન/કોમ્પ્યુટરાઈઝડ રેકર્ડ પ્રમોલગેશન /૦૬ તારીખ : ૧૯/૦૬/૨૦૦૬ થી આપેલ સુચના મુજબ મોજે ઉત્રાણ તા. સુરત સીટી જી. સુરતના રેકર્ડ પ્રમોલગેશનની કામગીરી દરમ્યાન રેકર્ડ સાથે ચકાસણી કરતા વિસંગતા /ક્ષતિ કોમ્પ્યુટરાઈઝડ રેકર્ડમાં જણાતા સુધારો કરવા મામલતદારશ્રી સીટી તાલુકા સુરતનાએ તારીખ : ૦૫/૦૭/૨૦૦૮ નારોજ કરેલ સુધારા હુકમ નંબર : જમન /પ્રમોલગેશન/સુધારા/ હુકમ/ મોજે : ઉત્રાણ/રજી.૧૦૨/૦૮ થી નોંધ કરી. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૨૧૬૦ તારીખ : ૨૯/૦૭/૨૦૦૮ નારોજ થી થયેલ છે. જે નોંધ તારીખ : ૦૪/૦૯/૨૦૦૯ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું જમીન માલીક બાબુભાઈ ઝવેરભાઈ વાઘાણી (એચ.યુ.એફ) પાસેથી (૧) રમેશભાઈ જેરામભાઈ પાંચાણી, (૨) ચંપકભાઈ પરસોતમભાઈ વાનાણી, (૩) રતિલાલ ઝવેરભાઈ વાઘાણી, (૪) ભુરાભાઈ ઝવેરભાઈ વાઘાણી, (૫) વલ્લભભાઈ રવજીભાઈ વાઘાણી,(એચ.યુ.એફ.) (૬) ડાયાભાઈ હરજીભાઈ જસાણી, (૭) ધનજીભાઈ લક્ષ્મણભાઈ વઘાસીયા, (૮) ધનજીભાઈ લાલજીભાઈ ભડીયાદરા, રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. રાંદેર ના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૯૮૮ તારીખ : ૨૯/૦૯/૨૦૧૫ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૨૬૫૨ તારીખ : ૨૯/૦૯/૨૦૧૫ નારોજ થી થયેલ છે. જે નોંધ તારીખ : ૧૧/૧૨/૨૦૧૫ નારોજ પ્રમાણિત થયેલ છે.

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

ત્યારબાદ સદરહું બ્લોક નંબર : ૮૦ વાળી જમીન બહુહેતુક(મલ્ટીપલ હેતુ) માટે બિનખેતી કરવા માટે (૧) રમેશભાઈ જેરામભાઈ પાંચાણી, (૨) ચંપકભાઈ પરસોતમભાઈ વાનાણી, (૩) રતિલાલ ઝવેરભાઈ વાઘાણી, (૪) ભુરાભાઈ ઝવેરભાઈ વાઘાણી, (૫) વલ્લભભાઈ રવજીભાઈ વાઘાણી, (એચ.યુ.એફ.) (૬) ડાયાભાઈ હરજીભાઈ જસાણી, (૭) ધનજીભાઈ લક્ષ્મણભાઈ વઘાસીયા, (૮) ધનજીભાઈ લાલજીભાઈ ભડીયાદરા એ ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ –૧૮૭૯ ની કલમ–૬૫ હેઠળ બીનખેતીની પરવાનગી મેળવવા મે.કલેકટર સાહેબને અરજી કરતા તેઓના હુકમ ક્રમાંક નંબર : ૧૨૫૩/૨૨/૧૬/૦૬૪/૨૦૨૦ તા. ૦૫/૧૨/૨૦૨૦ મુજબ બહુહેતુક (મલ્ટીપલ હેતુ) બિનખેતી ના હેતુ માટે તા. ૦૫/૧૨/૨૦૨૦ નારોજ હુકમ કરેલ છે. જે અંગેની રેવન્યુ દફતરે નોંધ નંબર : ૨૮૯૯ તારીખ : ૦૫/૧૨/૨૦૨૦ નારોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ : ૧૬/૦૩/૨૦૨૧ નારોજ પ્રમાણિત થયેલ છે.

ત્યારબાદ સદરહું ફાઈનલ પ્લોટ નં. ૮૯ વાળી જમીનમાં સબ–પ્લોટ નં. ૧, સબ–પ્લોટ નં. ૨, અને સબ–પ્લોટ નં. ૩ માટે ડીવીઝન પ્લાન ટાઉન પ્લાનર ટાઉન ડેવલોપમેન્ટ ડીપાર્ટમેન્ટ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રજાચિઠ્ઠિ નં. એસએમસી /૨૬–૦૨– ૨૦૨૧/૧૬૫૯૫૫૮/૦૧/૦૨૧૫૬૭ થી ઓર્ડર તા. ૦૩/૦૬/૨૦૨૧ થી સબ–પ્લોટ કરવામાં આવેલ છે. જે રીતે સબ પ્લોટ નં. ૧ કે જેનું ક્ષેત્રફળ ૩૧૯૮ ચો.મી., સબ–પ્લોટ નં. ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મી. સબ–પ્લોટ નં. ૩ કે જેનું ક્ષેત્રફળ ૧૦૨૫ ચો.મી. આપવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ સબ–પ્લોટ નં. ૩ કે જેનું ક્ષેત્રફળ ૧૦૨૫ ચો.મી. વાળી જમીન (૧) રમેશભાઈ જેરામભાઈ પાંચાણી, (૨) ચંપકભાઈ પરસોતમભાઈ વાનાણી, (૩) રતિલાલ ઝવેરભાઈ વાઘાણી, (૪) ભુરાભાઈ ઝવેરભાઈ વાઘાણી, (૫) વલ્લભભાઈ રવજીભાઈ વાઘાણી,(એચ.યુ.એફ.) (૬) ડાયાભાઈ હરજીભાઈ જસાણી, (૭) ધનજીભાઈ લક્ષ્મણભાઈ વઘાસીયા, (૮) ધનજીભાઈ લાલજીભાઈ ભડીયાદરા એ (૧) ધીરૂભાઈ અરજણભાઈ ચાવડા (૨) નિલમકુંવરબહેન ધીરૂભાઈ ચાવડા વિગેરે ને રજી. વેચાણ દસ્તાવેજથી વેચાણ આપેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે. કતારગામ ના સબ–રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નંબર : ૧૮૪૪૨ તારીખ :

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**૧૫/૦૭/૨૦૨૧ ના રોજ નોંધાયેલ છે. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૨૯૩૫ તારીખ : ૨૨/૦૭/૨૦૨૧ નારોજ થી થયેલ છે. જે નોંધ તારીખ : ૧૭/૦૯/૨૦૨૧ નારોજ પ્રમાણિત થયેલ છે.**

**ત્યારબાદ સબ–પ્લોટ નંબર : ૨ અમો બીજાપક્ષના એ (૧) રમેશભાઈ જેરામભાઈ પાંચાણી, (૨) ચંપકભાઈ પરસોતમભાઈ વાનાણી, (૩) રતિલાલ ઝવેરભાઈ વાઘાણી, (૪) ભુરાભાઈ ઝવેરભાઈ વાઘાણી, (૫) વલ્લભભાઈ રવજીભાઈ વાઘાણી,(એચ.યુ.એફ.) (૬) ડાયાભાઈ હરજીભાઈ જસાણી, (૭) ધનજીભાઈ લક્ષ્મણભાઈ વઘાસીયા, (૮) ધનજીભાઈ લાલજીભાઈ ભડીયાદરા પાસેથી રજી.વેચાણ દસ્તાવેજ ની રૂએ વેચાણ રાખેલ જે અંગે નો દસ્તાવેજ મહે. કતારગામ સબ–રજીસ્ટ્રાર સાહેબ ની કચેરીમાં દસ્તાવેજ નં. ૨૭૧૮ તા. ૩૧/૦૧/૨૦૨૨ થી નોંધાયેલ. જે અંગેની નોંધ ગામ ના નમુના નંબર : ૬ ના હકક પત્રક માં એન્ટ્રી નંબર : ૨૯૬૯ તારીખ : ૦૨/૦૨/૨૦૨૨ નારોજ થી થયેલ છે. જે નોંધ તા. /૦૩/૨૦૨૨ ના રોજ પ્રમાણિત થયેલ છે.**

**ત્યારબાદ સદરહું જમીનમાં સુરત મ્યુનિસીપલ કોર્પોરેશન દ્રારા તેમના પરવાનગી ક્રમાંક : ટી.ડી.ઓ./ડીપી/નં. ૧૯૯ તા. ૧૭/૦૨/૨૦૨૨ થી પ્લાન મંજુર કરેલ છે અને વિકાસ અંગેની પરવાનગીની નકલ**

સદરહું મિલકત અંગેની જમીન ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ **સુરત,** સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા– ઉત્રાણ)** માં **સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર** વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત **" પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક "** માટે ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ–રેરા) ના જનરલ રૂલ્સ–૨૦૧૬ મુજબ **નો નોંધણી ક્રમાંક : ........................છે.**

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા– ઉત્રાણ)** માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના **મંજુર પ્લાન મુજબ ...........માળ** ઉપર આવેલ **દુકાન/ઓફીસ નંબર ..........** વાળી દુકાન/ઓફીસની મિલકત, હમો બીજા પક્ષનાની સંપુર્ણ અને સયુંકત માલિકી, કબજા, ભોગવટા, વહીવટ–વ્યવસ્થા હેઠળની ચાલી આવેલ છે. સદરહું મિલકત અંગે હમો બીજા પક્ષનાને વ્યવસ્થા, સંચાલન, નિકાલ વિગેરે કરવા–કરાવવાનો હકક અને અધિકાર છે. તે હકક અને અધિકારની રૂએ સદરહું મિલકત, અમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને કિંમતી અવેજ બદલ વેચાણથી આપેલ હોય, જેનો આ વેચાણ દસ્તાવેજ આજરોજ હમો બીજા પક્ષના તમો પહેલા પક્ષનાની તરફેણમાં કરી આપીએ છીએ.

આ નીચે શીડયુલમાં જણાવેલ દુકાન–મિલકત અંગે સદરહું વેચાણ આપવા નકકી કરેલ મિલકત કારપેટ એરીયા મુજબનું કુલ્લે ક્ષેત્રફળ ........... ચો.ફુટ યાને કે ......... ચો.મી. છે, જેની કુલ ઉચ્ચક વેચાણ કિંમત **રૂા................/– અંકે રૂપિયા ................................ પુરા** નકકી કરવામાં આવેલ હતુ અને તમો પહેલા પક્ષનાએ વેચાણથી રાખવાનું નકકી કરેલ હતુ સદર નકકી કરેલ વેચાણ અવેજની રકમ તમો પહેલા પક્ષનાએ, હમો બીજા પક્ષનાને આજદિન સુધીમાં નીચે મુજબની વિગતેથી ચુકવી આપેલ છે.

**–: નાંણા મળ્યાની વિગત :–**

| ક્રમ | બેંકનું નામ | ચેક નં. | તારીખ | રકમ રૂા. |
|---|---|---|---|---|
| ૧ | | | | |

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

| | | | | |
|---|---|---|---|---|
| **૨** | | | | |
| | | | **કુલ રકમ રૂા.** | |

**ઉપરોકત વિગતેથી વેચાણ અવેજની પુરેપુરી રકમ હમો બીજા પક્ષનાને મળી ગયા બદલની આ થકી પાકી પહોંચ સ્વીકારીએ છીએ. ભવિષ્યમાં સદરહું મિલકતનો વેચાણ અવેજ ન મળ્યાની કે ઓછા મળ્યા અંગેની કોઈપણ પ્રકારની તર તકરાર હમો બીજા પક્ષનાએ કે હમારા વંશ, વાલી, વારસોએ કરવા–કરાવવાની રહેતી નથી, અને જો કરવા–કરાવવામાં આવે તો તે આ લેખની રૂએ રદ બાતલ થાય સહી.**

**આ દસ્તાવેજનાં બીજા પક્ષનાએ સદરહું મિલકતનો કાયદેસરનો કબજો તમારા કાયદેસરના માલીકીપણામાં સુપ્રત કરી આપેલ છે. જે તમો પહેલા પક્ષના માપ/ક્ષેત્રફળની ખાતરી કરી સ્વીકારેલ હોય, જેથી સદરહું મિલકતમાં તમો પહેલા પક્ષના જાતે વસો, વસાવો, વપરાશ ઉપભોગ કરો, યા વેચાણ, ગીરો, બક્ષીસ, ઈત્યાદી રીતેથી હરકોઈ પ્રકારે વહીવટ, વ્યવસ્થા કરો–કરાવો, યા તમારી મરજીથી હરકોઈ પ્રકારે વહીવટ વ્યવસ્થા, સંચાલન, કરવા આથી તમો પહેલા પક્ષના હકકદાર બનેલા છો અને તેવા તમારા કાર્યોમાં અમો બીજા પક્ષનાએ કે અમારા વંશ, વાલી, વારસોએ કોઈપણ પ્રકારની તર–તકરાર કરવા/કરાવવાની નથી.**

**પહેલા પક્ષનાને કબજો સુપ્રત કર્યાના ૫ વર્ષના સમયગાળા દરમિયાન, ઈમારતમાં અથવા સદરહું મિલકતમાં કોઈ માળખાગત ઉણપ અથવા કામની ગુણવત્તા તથા કામગીરી અથવા સેવાની જોગવાઈ અંગેની કોઈ ખામી પહેલા પક્ષના, બીજા પક્ષનાના ધ્યાને લાવે અને તે ખામી પહેલા પક્ષનાને લીધે ઉત્પન્ન થયેલ ન હોય, તો બીજા પક્ષનાએ શકય હોય ત્યાં સુધી આવી ખામી તેમના પોતાના ખર્ચે દૂર કરી આપવાની રહેશે અને આવી ખામી દૂર કરવાનું શકય ન હોય તો, પહેલા પક્ષના આવી ખામી માટે અધિનિયમની જોગવાઈઓ તથા આ કરારમાં જણાવેલ શરતોને આધિન ખામી માટેનું વળતર મેળવવા હકકદાર રહેશે પરંતુ આવી ખામીઓ માટે બીજા પક્ષનાને જવાબદાર ઠેરવી શકાય તેમ ન હોય, અથવા આવી ખામીઓ માટેનું કારણ બીજા પક્ષનાના નિયંત્રણ બહાર હોય, અથવા આવી ખામી પહેલા પક્ષનાને લીધે કે કોઈ કુદરતી કારણોસર થયેલ હોય, તો એવી કોઈપણ માળખાગત ખામી, કારીગરી, સેવાની જોગવાઈ અંગેની ગુણવત્તા, અથવા કામની ગુણવત્તા અંગેની ખામી કે અન્ય રીતની ખામી તથા પહેલા પક્ષના કે તેના થકીના કોઈપણ ઈસમ દ્વારા ખામી ઉત્પન્ન**

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**થયેલ હશે તો બીજા પક્ષના પહેલા પક્ષનાને વળતર ચુકવી આપવા પાત્ર બનશે નહિ કે આવી ખામી પોતાના ખર્ચે દૂર કરવાની બીજા પક્ષનાની કોઈ જવાબદારી રહેશે નહિ.**

**અમો વેચાણ આપનારે સદરહું મિલકતમાં નકકી થયા મુજબ બાંધકામ કરી સદરહું મિલકતનો પ્રત્યક્ષ કબજો તમો વેચાણ રાખનારને સુપ્રત કરેલ છે, મજકુર મિલકત અંગે કોઈ પ્રકારની બાંધકામ કે તેને સંલગ્ન કોઈ કામગીરી બાકી નથી, તેમજ મજકુર બાંધકામ અને તેની સંલગ્ન તમામ કામગીરી બાબતે તમો વેચાણ રાખનારને સંપુર્ણ સંતોષ થયેલ છે અને તે તમામ તમોએ જાતે તથા તે બાબતોના નિષ્ણાંત જાણકારી ધરાવનાર પાસે તપાસ કરી/કરાવીને જોઈ તપાસી લઈને સદરહું મિલકતનો કબજો પણ મેળવી લીધેલ છે, નકકી થયા મુજબની તમામ કામગીરી તમામ પ્રકારે સંપુર્ણ રીતે પરિપુર્ણ થયેલી છે. તેમજ બાંધકામ તથા તેમાં વપરાશમાં લેવામાં આવેલ તમામ માલ–સામાન, સામગ્રી, ફીટીંગ્સ, ફિકસચર્સ વિગેરે યોગ્ય ગુણવતા વાળા છે અને તે બાબતે સંપુર્ણ રીતે સંતોષકારક માલુમ પડેલ છે અને તે બાબતે તમોને કોઈપણ પ્રકારની ફરીયાદ તકરાર નથી.**

**સદરહું મિલકતમાં તમો પહેલા પક્ષના અંદરથી કે બહારથી બાંધકામને લગતો કોઈપણ ફેરફાર કરવા–કરાવવાનો નથી તેમજ એસી, કે અન્ય કોઈપણ પ્રકારના આર.સી.સી. કામ, બીમ/કોલમ/ સ્લેબ દિવાલ/પીલર/ફલોરીંગ/ આર.સી.સી. પરદી, દાદર, અને કોમન પેસેજમાં તોડફોડ, સળીયા કટીંગ, કે હોલ કટીંગ, કોર કટીંગ કરાવવા નહી અને તેમાં કોઈપણ પ્રકારની સ્ટ્રકચરલ ખામી ઉદભવે કે બાંધકામની ગુણવત્તામાં કોઈપણ ખામી ઉદભવે તેવા કૃત્યો તમો પહેલા પક્ષનાએ કરવા–કરાવવાના નથી. અને જો તેમ કરવામાં પહેલા પક્ષના કસુર કરે તો તે અંગેની તમામ નુકસાની પહેલા પક્ષનાએ ભોગવવાની છે સહી, અને તે અંગેની તમામ જવાબદારી તમો પહેલા પક્ષનાની રહેશે સહી.**

**સદરહું પ્રોજેકટ " પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક " માં આવેલ નીચે પરિશિષ્ટમાં બતાવવામાં આવેલ સદરહું મિલકત, હમો બીજા પક્ષનાએ તમો પહેલા પક્ષનાને વેચાણ આપેલ મિલકત, કે જમીન ઉપર આવેલ છે તે જમીનની ૭/૧૨ ની નકલ, તમામ ફેરફાર નોંધોની નકલ, રજાચીઠી, મંજુર થયેલા પ્લાનની નકલ, લે–આઉટ પ્લાન તથા ડીઝાઈનની નકલ તથા તમામ સ્પેસીફીકેશનની વિગતો તથા ટાઈટલને લગતા અન્ય પુરાવાઓ તથા બીનખેતીના હુકમની જરૂરી નકલોની માસ્ટર ફાઈલ તથા રીયલ એસ્ટેટ**

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**(નિયમનો અને વિકાસ) અધિનિયમ ૨૦૧૬ અને તેની નીચેના નિયમો અને નિયમનોમાં જણાવ્યા મુજબના અન્ય સબંધીત દસ્તાવેજોનું, તૈયાર થયેલ બાંધકામ, ફીટીંગ્સ, તથા તેના સ્ટ્રકચર, સ્પેશિફીકેશનનું નિરીક્ષણ તમો પહેલા પક્ષના દ્વારા જાતે તથા તેના નિષ્ણાંતો પાસે કરેલ/કરાવેલ છે, તેમજ સદરહું મિલકતનું બાંધકામ તેમજ તેની ગુણવત્તા, તથા આપેલ સુવિધાઓ, વિગેરે તમોએ જોઈ તપાસી, ખાત્રી કરી લીધેલ છે.**

**સદરહું મિલકત હમો બીજા પક્ષનાએ અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ, કે અન્ય કોઈ રીતે તબદીલ કરી–કરાવી આપેલ નથી. સદરહું મિલકત ઉપર કોઈપણ વ્યકિતનો ખાધા–ખોરાકીનો હકક, અધિકાર કે દરદાવો નથી, તેમજ તેના ઉપર અન્ય કોઈપણ જાતના ઈઝમેન્ટના હકક, અધિકાર નથી, સદરહું મિલકત કોઈને જામીન તરીકે જામીનગીરીમાં લખી આપેલ નથી, કે સદરહું મિલકત ઉપર કોઈપણ અદાલતની ટાંચમા, કે જપ્તીમાં નથી અને તે અંગેની કોઈપણ કાર્યવાહી હાલ ચાલુ નથી, સદરહું મિલકત કોઈપણ પ્રકારના સંપાદન હેઠળ નથી, તેમજ તે અંગેની કોઈ નોટીસ પણ આજદિન સુધી મળેલ નથી. સદરહું મિલકત હમોએ ગીરોમાં કે બોજામાં મુકેલ નથી, તેમજ અન્ય કોઈપણ પ્રકારે તેના ઉપર નાંણાકીય બોજો ઉત્પન્ન કરેલ નથી, તેમજ તે અંગેના કોઈ લેખ/લેખો પણ કરેલા નથી. તેમજ સદરહું મિલકત તદ્દન નબોજી, નકરજી, નજોખમી ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ્સવાળી છે અને તેવી હરકોઈ ખાતરી તમોને કરાવી આપેલ છે અને તે તમામ તમો પહેલા પક્ષનાએ કબુલ મંજુર રાખીને મજકુર મિલકત વેચાણ રાખેલ છે, તેમજ મજકુર મિલકત અંગેના જુના દસ્તાવેજો, રેવન્યુ ફેરફાર નોંધો, પરવાનગીઓ, બાંધકામ પ્લાન, રજાચીઠી, તેમજ અન્ય તમામ સાહિત્યની નકલો તમોને સુપ્રત કરી આપેલ હોય, હવે પછીથી તેવા કોઈ ટાઈટલ્સ અંગેના દસ્તાવેજો, સાહિત્ય અંગેની માંગણી કે તર તકરાર તમો પહેલા પક્ષનાએ કરવા–કરાવવાની નથી અને તેનો તમો પહેલા પક્ષનાએ સ્વીકાર કરેલ છે.**

**સદરહું મિલકતનો ઉપયોગ તમોએ ફકત વાણીજય માટે જ કરવાનો રહેશે, સદરહું મિલકતમાં એવા કોઈપણ પ્રકારના માલસામાન કે જે વિસ્ફોટક હોય, હાનિકારક હોય, પર્યાવરણને નુકશાનકારક હોય, વધુ વજનદાર હોય, કે જેનાથી ધ્રુજારી ઉત્પન્ન થાય અને બિલ્ડીંગના સ્ટ્રકચરને નુકશાન કરે, યા તો સોસાયટીની પ્રતિબંધીત કરે તેવી કોઈપણ પ્રકારની મશીનરીનો ઉપયોગ કરવાનો નથી, સદરહું બિલ્ડીંગમાં જે કોમન પેસેજ આવેલ છે તે પેસેજો ખાલી**

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**રાખવાના રહેશે તેમજ પેસેજમાં કોઈપણ હોલ્ડર્સે કોઈપણ પ્રકારની વસ્તુઓ મુકવાની નથી.**

**કુદરતી આપત્તિઓ જેવી કે ધરતીકંપ, નદી કે વરસાદના પુર, આગ, વાવાઝોડુ વગેરે તથા માનવસર્જીત આપત્તિઓ જેવી કે રમખાણો, તોફાનો, યુધ્ધ, આગજની, બાંધકામમાં સુધારો–વધારો–ફેરફાર કરવા માટે કરવામાં આવતી તોડફોડ વિગેરેને નિયંત્રિક કે અનિયંત્રિક કોઈપણ કારણોસર ઈમારત, મિલકત, બાંધકામ, જીવંત વ્યકિત–ચીજ–વસ્તુઓ વિગેરેને નુકશાન થાય, ઈજા–મૃત્યુ થાય, નાશપામે, તો તે અંગે અમો બીજા પક્ષનાની પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈપણ રીતે કોઈપણ પ્રકારની આર્થિક, ટેકનીકલ, કાયદાકીય જવાબદારી રહેશે નહી અને ગણાશે નહી, જે અંગે તમો પહેલા પક્ષનાએ સ્પષ્ટ સ્વીકાર કરીને, કબુલ મંજુર રાખેલ છે સહી.**

**સદરહું મિલકત, જે ઈમારતમાં આવેલ છે, તે ઈમારતમાં મુકવામાં આવેલ સહીયારી સગવડો, જેવી કે એન્ટરન્સ, રિસેપ્શન એરીયા, વેઈટીંગ એરીયા, દાદર, કોમન પેસેજ, સીકયુરીટી કેબીન, કોમન ઈલેકટ્રીકલ ઈન્સ્ટ્રુમેન્ટસ તથા ઈલેકટ્રીકટ કનેકશનો તથા મીટરો, લીફટસ, ફાયર સેફટીના ઈન્સ્ટ્રુમેન્ટસ, ડ્રેનેજ લાઈનો, પાણીની લાઈનો, ઓવરહેડ તથા અન્ડર ગ્રાઉન્ડ પાણીની ટાંકીઓ, ઈન્ટરકોમ, જનરેટર, બિલ્ડીંગ આઉટલુક એલીવેશન, ગ્લાસ એલીવેશન અને કમ્પોઝીટ પેનલ, તેમજ સી.ઓ.પી.ની જગ્યા, વિગેરે રાસુકી સગવડોના નિભાવ તથા જાળવણી બાબતે જે ખર્ચ થાય તે તમો પહેલા પક્ષનાએ તમારા ફાળે પડતો ભરવાનો રહેશે, તેમજ તેવી રાસુકી સુવિધાઓનો વપરાશ–ઉપભોગ, સોસાયટી/કમીટી/એસોસીએશન, વખતો વખત નકકી કરે તે નીતી નિયમો અને શરતોને આધીન તમો પહેલા પક્ષનાએ અન્ય હોલ્ડરો/ વપરાશકારો/કબજેદારો સાથે રાસુકો કરવાનો રહેશે, તેના ખર્ચ તથા મેઈન્ટેનન્સ બાબતે મિલકતોના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સીકયુરીટી બાબતે, પાર્કીંગ બાબતે, વખતો વખત જે કાંઈ નીતી–નિયમો, ઠરાવો, તેમજ બાયલોઝ તૈયાર કરે, તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જયા સુધી તેવી સર્વીસ સોસાયટી બને નહી ત્યા સુધી તેવી સુવિધાઓ અંગેના તમારા ભાગે પડતા ખર્ચની રકમ હમો બીજા પક્ષનાને ચુકવવાની રહેશે અને સોસાયટીની રચના થયેથી તે અંગેની જે બેલેન્સ જમા હોય તે સોસાયટીને સુપ્રત કરી આપવાની રહેશે.**

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**સદરહું બિલ્ડીંગમાં આવેલ કોઈપણ દુકાન/ઓફીસોમાં ચાલતા ફર્નીચરના કામ દરમ્યાન કોઈપણ એજન્સીએ લીફટનો ઉપયોગ સોસાયટી નકકી કરે તે શરતોને આધીન અને તેમની સંમતીથી કરવાનો રહેશે, ફર્નીચર પોતાની મિલકતમાંજ કરવાનું રહેશે, તે સિવાય પેસેજમાં કે કોમન એરીયામાં કામ કરવાનું નથી, ફર્નીચર કામ ચાલુ કરવાતા પહેલા તમામ નળ, સીંક, ઈલેકટ્રીકટ સ્વીચ બોર્ડ, તેમજ હાર્ડવેર મટીરીયલ જેવા કે લોક, સ્ટોપર, વિગેરે કપડા કે કોથળી થી ઢાંકવાના રહેશે, તેમજ ફલોરીંગને રબરશીટ કે પી.ઓ.પી. થી ઢાંકવાના રહેશે, તેમજ કોઈપણ જાતના માલ–સમાન ચડાવતા કે ઉતારતા કોમજ પેસેજ કે દાદર કે અન્ય જગ્યાને નુકશાન થાય તો તેનો રીપેરીંગ/ કલરકામ કરાવવાની જવાબદારી જેતે હોલ્ડર્સની રહેશે.**

**સદરહું મિલકત અંગેના તમામ સરકારી, અર્ધ સરકારી કચેરીઓના વેરા, ટેક્ષ, વેટ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર, ગુડસ એન્ડ સર્વીસ ટેક્ષ, વિગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ, ભરપાઈ કરવામાં આવેલ છે, મજકુર મિલકત અંગેના હવે પછીના તમામ સરકારી વેરાઓ, મ્યુનિસીપલ વેરા, શિક્ષણ ઉપકર, બેટરમેન્ટ ચાર્જીસ, વગેરે તમામ પ્રકારના વેરાઓ, ફાળાઓ, ચાર્જીસ ઈત્યાદી તમામ તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાના રહેશે સહી.**

**સદરહું મિલકત હાલ રેકર્ડ ઓફ રાઈટસના દફતરે, જી.ઈ.બી./ઈલે. કંપનીના દફતરે, સુરત મ્યુનિસીપલ કોર્પોરેશનના દફતરે, હમો બીજા પક્ષના યાને વેચાણ આપનારના નામે ચાલે છે, જેમાં તમો પહેલા પક્ષના તમારૂ નામ સદરહું મિલકતમાં માલિક, મુખત્યાર ધણી અને કબજેદાર તરીકે દાખલ કરી–કરાવી શકો સહી, તેમજ તેવી વિધીમાં અમો બીજા પક્ષના યાને વેચાણ આપનારની જયાં જયાં સહી, સંમતી, હાજરી, કબુલાત, વિગેરેની જરૂર જણાય ત્યાં ત્યાં અમોએ સહી, સંમતી, હાજરી, કબુલાત, વિગેરે વિના વિલંબે વિના તકરારે આપવાની રહેશે અગર આ દસ્તાવેજી રૂએ પણ અમો વેચાણ આપનારની કબુલાત માની લઈ તમો સદરહું મિલકતના હરકોઈ યોગ્ય રેકર્ડમાં તમારૂ નામ દાખલ કરી–કરાવી શકો સહી.**

**મજકુર " પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક " બાબતે એસોસીએશન કે સર્વીસ કો. ઓપ. સર્વીસ સોસાયટીની રચના કરવાની રહેશે અને તેમાં તમો પહેલા પક્ષનાએ ફરજીયાત સભ્ય બનવાનું રહેશે અને તેવી સોસાયટીની રચના**

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

બાબતે, તેમજ કોમન સુવિધાઓની સોંપણી બાબતે જે કાંઈ ખર્ચ કરવાનો થાય કે સોસાયટી ફોરમેશન ચાર્જ, કે વકીલ ફી, લીગલ ફી, વિગેરે ભરવાની થાય તે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે અને મજકુર સોસાયટી કે એસોસીએશન જે કાંઈ ઈમારત તથા રાસુકી સગવડો, સુવિધાઓના વપરાશ તથા સમારકામ બાબતે, તેના ખર્ચ તથા મેઈન્ટેનન્સ બાબતે, મિલકતના વપરાશના હેતુઓ બાબતે, મિલકતના ટ્રાન્સફર બાબતે, સીકયુરીટી બાબતે, પાર્કીગ બાબતે, વખતો વખત જે કાંઈ નીતી–નિયમો, ઠરાવો, તેમજ બાયલોઝ તૈયાર કરે, તેનું તમો પહેલા પક્ષનાએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સદરહું બિલ્ડીંગના તમામ સભ્યોએ ભેગા મળી સોસાયટી રચી ફાયર સેફટી દર વર્ષે તથા લીફટનું લાયસન્સ નિયમોનુસાર રીન્યુ કરાવવાનું રહેશે, તેમજ સમયસર તેનું મેઈન્ટેનન્સ કરાવવાનું રહેશે અને ફાયર સેફટી સીસ્ટમ ચાલુ રહે તે અંગેનો બાહેંધરીપત્રક આપવાનો રહેશે, સદરહું બિલ્ડીંગનું સમારકામ સ્ટ્રકચર ડીઝાઈનર પાસે ચેક કરાવી તેમની સુચના મુજબ કરાવવાનું રહેશે, તેમજ વરસાદના પાણીથી બોરવેલ રી–ચાર્જીંગ કરી શકાય તે હેતુ ચોમાસાની શરુઆત પહેલા રી–ચાર્જીંગ સીસ્ટમ સર્વિસ કરાવી લેવાની રહશે, કેમ્પસના તમામ હોલ્ડર્સના યુનિટોમાંથી ઉત્પન્ન થતો ઓર્ગેનીક વેસ્ટ સેગ્રીગેશન (ભીનો–ગ્રીન કલરની અને સુકો – રેડ કલરની ડસ્ટબીનમાં એમ અલગ) કરીને સુરત મ્યુનિ. કોર્પોરેશનની સુચના મુજબ ડીસ્પોઝલ કરવાનો રહેશે, સદરહું પ્રોજેકટ માટે પર્યાવરણ પ્રમાણપત્ર (EC) મેળવવામાં આવેલ છે જેમાં દર્શાવેલ નિયમોનું પાલન કરવાનું રહેશે, " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના તમામ સભ્યોને લાગુ પડતા વ્યકિતગત તેમજ સામુહીક રીતે અમો તરફથી સુચવેલા, તેમજ સોસાયટી દ્વારા નકકી કરાયેલા અને સરકારે જાહેર કરેલા નિયમોનું પાલન કરવાનુ રહેશે જેનુ ઉલ્લંઘન કરે તો જેતે સભ્ય અને સોસાયટી જવાબદાર રહેશે.

સમગ્ર પ્રોજેકટ પુર્ણ થયેથી વણ વહેંચાયેલ હિસ્સાની જમીન, કોમન એરીયા, કોમન સુવિધાઓ કે જે મજકુર " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના નામની યોજનામાં આવેલ હોય તે તમામનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો સોસાયટીને સુપ્રત કરવામાં આવશે, અને તે બાબતે જે કાંઈ કરારો કરી આપવાના થાય તે પ્રમોટર સોસાયટીની તરફેણમાં કરી આપશે, ઉકત જણાવેલ સુચિત સોસાયટીની રચના સંબંધે, તેમજ તેના નિયમો–વિનિયમો અથવા પેટા

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

નિયમો તૈયાર કરવા માટે, સોંપણી અંગેના દસ્તાવેજો લખવા માટે તથા તેની નોંધણી કરાવવા માટેનો તમામ ખર્ચ તથા વકીલશ્રીને જે ફી ચુકવવાની થાય તે તમામ રકમ, તથા તમામ દસ્તાવેજનો વકીલ ફી સહિતના ખર્ચાઓ પહેલા પક્ષનાને ફાળે આવતા હિસ્સાની રકમ પહેલા પક્ષનાએ બીજા પક્ષનાને અલગથી ચુકવવાની રહેશે.

પ્રમોટરે પ્રોજેકટની જમીન–મિલકતની તબદીલી ખરીદનાર તથા એસોસીએશનને કર્યા બાદ ખરીદનારના કોઈ હિતને નુકશાન થાય તે પ્રકારના કોઈ હક રહેતા નથી, જેની આથી સ્પષ્ટતા કરવામાં આવે છે.

સદરહું ઈમારતમાં ઈલેકટ્રીકટ લાઈનો, ઈન્ટરનેટ કેબલ, તથા ટેલીફોન લાઈનો, તેમજ એરકન્ડીશન બાબતે જે જગ્યા સોસાયટી તરફથી નકકી કરવામાં આવે તેવી જગ્યામાંથી જ પસાર કરી તમોને વેચાણથી આપેલ સદરહું મિલકત સુધી લાવવા–લઈ જવાના રહેશે.

મજકુર " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ની ઈમારતમાં આવેલ યુનીટ/બ્લોકની બધી બાજુની દીવાલો, સ્ટ્રકચર્સ, સંયુકતપણામાં/સહિયારા આવેલ હોવાથી તેવા સંયુકત/સહીયારી દીવાલો, આર.સી.સી. ફ્રેમ, સ્ટ્રકચર્સ, સીલીંગ, ફલોરીંગ વિગેરેને નુકશાન થાય નહી તે રીતે તમો પહેલા પક્ષનાએ મજકુર તમોને વેચાણથી આપેલ મિલકતનો ઉપયોગ/વપરાશ કરવાનો રહેશે.

હમો બીજા પક્ષના " **પ્રગતિ ઈન્ફ્રા** " ભાગીદારી પેઢીનું જરૂરી રજીસ્ટ્રેશન કરાવેલ છે અને સદર વેચાણ દસ્તાવેજ કરી આપવા તથા તેમાં સહી મતુ કરવા, તેમજ કબુલાત આપવા તેમજ રજીસ્ટ્રેશન માટે રજુ કરવાની સત્તા/અધિકાર મજકુર **પ્રગતિ ઈન્ફ્રા** ભાગીદારી પેઢીના ભાગીદારો પૈકી કોઈપણ એક ભાગીદારની સહીથી કરવા આપેલ હોય, આ વેચાણ દસ્તાવેજ મજકુર **પ્રગતિ ઈન્ફ્રા** ભાગીદારી પેઢી વતી તેના અધિકૃત ભાગીદાર તરીકે શ્રી સાગર હિંમતભાઈ કોરાટ એ સહી મતુ કરેલ છે.

આ કરારની કોઈપણ જોગવાઈ, અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ અથવા લાગુ પાડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવા અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નકકી કરવામાં આવે તો આવી જોગવાઈઓ આ કરારના હેતું સાથે અસંગત હોય તેટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગું પડતાં કાયદાઓ સાથે તે અનુરૂપ હોવી જરૂરી હોય, તેટલા પ્રમાણમાં તે સુધારાયેલી

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

અથવા રદ થયેલી ગણાશે અને આ લેખની બાકીની જોગવાઈઓ આ લેખના અમલ વખતે લાગું પડતી હતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

બંને પક્ષનાઓ વચ્ચેના કોઈપણ વિવાદની સુમેળથી નિરાકરણ લાવવાનું રહેશે. જો કોઈ પણ સંજોગોમાં કોઈ વિવાદનું નિરાકરણ સુમેળથી ન લાવી શકાય તો રીયલ એસ્ટેટ એકટ, ૨૦૧૬ અને તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમોની જોગવાઈઓ હેઠળ તેને સત્તા મંડળને મોકલવાની રહેશે.

પ્રમોટર આથી જાહેર કરે છે, સદરહું પ્રોજેકટમાં આવેલ ટેરેસ, કોમન એરિયા, વધારાની એફ.એસ.આઈ. ઉપર બી.યુ.સી. આવી ગયા બાદ કોઈપણ પ્રકારનો હકક અમો બીજા પક્ષના યાને પ્રમોટરનો રહેતો નથી. આવ હકકો અને અધિકારો સોસાયટી અથવા ખરીદનારને પ્રાપ્ત થશે.

સદરહું તમોને વેચાણ આપેલ, મિલકત અંગેના વેચાણ દસ્તાવેજ અંગેનો તમામ ખર્ચ જેવા કે સ્ટેમ્પ ખર્ચ, વકીલ ફી, રજીસ્ટ્રેશન ફી, ટાઈપીંગ ખર્ચ, વિગેરે તમો પહેલા પક્ષના યાને ખરીદનાર યાને વેચાણ રાખનારે ભોગવેલ છે. તેમજ ભવિષ્યમાં વધારાની સ્ટેમ્પ ડયુટી ભરવાની નીકળી આવે તો તે તમો પહેલા પક્ષનાએ ભરપાઈ કરવાની રહેશે સહી.

**–:: પરિશિષ્ટ–૧ ::–**

**–: પ્રોજેકટ/પરિયોજના વાળી જમીનની વિગત:–**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા– ઉત્રાણ)** માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીન.

**–:: પરિશિષ્ટ–૨ ::–**

**–: વેચાણ કરેલ મિલકતની વિગત:–**

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫,

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**સર્વે નંબર : ૯૭/૧, બ્લોક નંબર : ૮૦ થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા– ઉત્રાણ) માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક** ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના **મંજુર પ્લાન મુજબ ...........માળ** ઉપર આવેલ **દુકાન/ઓફીસ નંબર ..........** વાળી દુકાન/ઓફીસની મિલકત, જેનું કારપેટ એરીયાનું ક્ષેત્રફળ ચો.ફુટ યાને **.........** ચો.મી. તથા બીલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ **.........** ચો.ફુટ યાને**.........** ચો.મી. છે તે દુકાન/ઓફીસ મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તમામ હકકો સહીતની તથા રાસુકા હકકો સહીતની તેમજ ઈમારત તળેની જમીનમાં પ્રમાણસરના વણ–વહેંચાયેલા હિસ્સાની **......... ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી** જમીન સહીતની મિલકત. જેની ચતુરદિશા નીચે મુજબ છે.

**પુર્વે** :

**પશ્ચિમે** :

**ઉત્તરે** :

**દક્ષિણે** :

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**પોસ્ટલ એડ્રેસ : દુકાન/ઓફીસ નં. " પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક "** ગુજરત રાજયના સુરત જીલ્લાનાં અડાજણ તાલુકાના **મોજે : ઉત્રાણ નાં** રેવન્યુ સર્વે નં. ૧૪૦, બ્લોક નં. ૮૦, ટી.પી.સ્કીમ નંબર : ૨૪, **(મોટાવરાછા–ઉત્રાણ)** ફાયનલ પ્લોટ નંબર : ૮૯

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**એણી વિગતનો આ વેચાણ દસ્તાવેજ હમો બીજા પક્ષનાએ હમારી રાજી ખુશીથી, અકકલ હોશીયારીમાં, કોઈના કોઈપણ જાતના દાબ દબાણ વગર, વાંચી, વંચાવી, સમજી, વિચારી, બીનકેફે, બીનનશે, તનમનની સંપુર્ણ સાવધાનવસ્થામાં કરી આપેલ છે. જે હમોને તેમજ હમારા વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામને કબુલ મંજુર અને બંધનકર્તા છે સહી, થાય સહી, અને રહેશે સહી.**

**અત્રે——————————————મતુ તત્રે—————————————શાખ**

———————————— ————————————

**પ્રગતિ ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી તેના**
**વતી અને તરફે અધિકૃત ભાગીદાર......**
**સાગર હિંમતભાઈ કોરાટ,**

————————————

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

| **પહેલા પક્ષના : ખરીદનાર :** | **ફોટોગ્રાફ** | **ડાબા હાથના અંગુઠાનું નિશાન** |
|---|---|---|
| ............................................... | | |
| **બીજા પક્ષના : વેચનાર :** | **ફોટોગ્રાફ** | **ડાબા હાથના અંગુઠાનું નિશાન** |
| **પ્રગતિ ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી તેના વતી અને તરફે અધિકૃત ભાગીદાર...... સાગર હિંમતભાઈ કોરાટ,**<br>............................................... | | |

| | |
|---|---|
| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**–: પરિશિષ્ટ :–**

નોંધણી અધિનિયમ ૧૯૦૮ ની કલમ–૩૪ ની પેટા કલમ–૩ મુજબ ચેકલીસ્ટ

| અ.નુ. | પ્રશ્ન | જવાબ (હા કે ના) |
|---|---|---|
| ૧. | ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ–ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧–૧૮–૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા–ઉત્રાણ)** માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ–પ્લોટ પૈકી સબ–પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના **મંજુર પ્લાન મુજબ ..........માળ** ઉપર આવેલ દુકાન/ઓફીસ **નંબર .........** વાળી મિલકત, તમોએ વેચાણથી આપેલ છે ? | |
| ૨. | તબદિલીના જણાવ્યા મુજબ **.......... ચો.મી.** ક્ષેત્રફળ વાળી મિલકત માટે લેખ કરી આપેલ છે. | |
| ૩. | લેખમાં દર્શાવ્યા મુજબના અવેજની રકમ મળેલ છે. | |
| ૪. | લેખમાં દર્શાવેલ વિગતો વાંચી વંચાવીને સમજી વિચારીને તમે જાતે જ સહી કરેલ છે. તે તમને કબુલ રાખો છો. | |
| ૫. | પાવર ઓફ એર્ટની આપનાર દસ્તાવેજની તારીખે હયાત છે. | |
| ૬. | પાવર ઓફ એર્ટની ના લેખમાં પાવર ઓફ એર્ટની આપનાર વ્યકિત/ઓ એ સહી/અંગુઠાનું નિશાન કરેલ છે. | |
| ૭. | પાવર ઓફ એર્ટનીનો લેખ દસ્તાવેજની તારીખે અમલમાં છે. | |
| ૮ | ઓળખ આપવા માટે તમને ઓળખતા હોય તેવી વ્યકતી સાથે લાવ્યા છો. | |
| | **ઓળખાણ આપનારને પુછવાનો પ્રશ્ન** | |
| ૧. | દસ્તાવેજ લખી આપનાર વ્યકિતઓ કે જેઓ કબુલાત આપી તેઓને તમે જાતે ઓળખો છો. | |
| ૨. | દસ્તાવેજમાં લખેલ નામ અને કબુલાત આપનાર વ્યકિતઓ એક જ છે. | |
| ૩. | કોઈ વ્યકિતએ ખોટુ નામ ધારણ કરીને કબુલાત આપી નથી એવી તમે ખાતરી આપો છો. | |

...................................................    ...........................................

**પ્રગતિ ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી તેના વતી અને તરફે અધિકૃત ભાગીદાર......**
**સાગર હિંમતભાઈ કોરાટ,**

.............................................
(સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી ............)

| દસ્તાવેજનો પ્રકાર | વેચાણ |
|---|---|
| ગામનું નામ | ઉત્રાણ |
| બ્લોક નંબર | ૮૦ |
| ટી.પી. સ્કીમ નંબર | ૨૪ |
| ફાઈનલ પ્લોટ નંબર | ૮૯ |
| દુકાન/ઓફીસ નંબર | |
| ક્ષેત્રફળ (ચો.મી) | |

**—:: વેચાણ દસ્તાવેજ ::—**

દુકાન/ઓફીસ **નં.**

———————————————————

ગુજરાત રાજયના રજીસ્ટ્રેશન ડિસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો અડાજણ (સુરતસીટી) ના મોજે ગામ—ઉત્રાણ, ખાતા નંબર : ૧૩૪૫, સર્વે નંબર : ૯૭/૧, **બ્લોક નંબર : ૮૦** થી નોંધાયેલ જમીન, કે જેનું ક્ષેત્રફળ ૭/૧૨ મુજબ ક્ષેત્રફળ હે. આરે. ૧—૧૮—૩૭ ચો.મી., જેનો આકાર રૂા. ૧૯.૮૭ પૈસા વાળી બીનખેતીના ઉપયોગની જમીન, કે જેનો **ટી.પી.સ્કીમ નં. ૨૪ (મોટાવરાછા— ઉત્રાણ)** માં સમાવેશ થતા તેને ઓરીજનલ પ્લોટ નંબર : ૮૯ કે જેને ફાઈનલ પ્લોટ નં. ૮૯ ફાળવવામાં આવેલ, કે ફાઈનલ પ્લોટ મુજબનું કુલ ક્ષેત્રફળ ૭૬૯૮ ચો.મીટર જમીનમાં પાડવામાં આવેલ સબ—પ્લોટ પૈકી સબ—પ્લોટ નંબર : ૨ કે જેનું ક્ષેત્રફળ ૩૪૭૫ ચો.મીટર વાળી બહુહેતુક ઉપયોગ માટેની બીનખેતીની જમીનમાં આયોજીત " **પ્રગતિ એમ્પાયર આઈ.ટી. પાર્ક** " ના **મંજુર પ્લાન મુજબ ..........માળ** ઉપર આવેલ દુકાન/ઓફીસ **નંબર .........** વાળી મિલકત

——————————————————————

રજી. નં. :
તારીખ :

——————————————————————

**: ખરીદનાર :**

————————————————

**—: વેચનાર :—**

## પ્રગતિ ઈન્ફ્રા

————————————

**: એડવોકેટ :**
**મુકેશ એન. કપુરીયા**

————————————————————

**: ઓફીસ :**
**એ—૧૦૮—૧૦૯, આદિત્ય કોમ્પલેક્ષ, ઉત્રાણ, સુરત**
મો. : ૯૯૦૯૧ ૮૪૨૩૦